## ભાગ – ૧

## અખંડ કોળી સમાજ – ભારત

## ૧. કોળી સમાજની સંક્ષિપ્ત પૌરાણી કથા



# ૧. કોળી સમાજની સંક્ષિપ્ત પૌરાણી કથા



રાઘુનંદનના મસ્તીક વિજ્ઞાનના જ્ઞાન મુજબ,આજથી ( વિક્રમ સવંત ૨૦૬૮ , અને ઈ.સ. ૨૦૧૨ થી ) ચાર અબજ અને બત્રીસ કરોડ વર્ષ પહેલા સમગ્ર બ્રહમાંડના એક ગ્રહ ,

એવા 'પૃથ્વી ગ્રહ' નુ નિર્માણ થયુ હતુ. યુગો યુગો પછી ( વિક્રમ સવંત ૨૦૬૮ , અને ઈ.સ. ૨૦૧૨ થી ) – ૧૯,૫૫,૮૮,૧૧૩ વર્ષ પહેલા પૃથ્વી ગ્રહ પર જીવસૃષ્ટીની ઉત્પતિ થઈ હતી.જેમાં પહેલો જીવ 'અમીબા' ,અને 'સેવાળ'ના નામથી ઓળખાતી વનસ્પતી ઉત્પન્ન થઈ હતી.ત્યાર બાદ બીજો જીવ 'જેલફીસ' ,એટલે કે હાડકા વગરની 'માછલી' ઓ ઉત્પન્ન થઈ હતી.કાળક્રમે પૃથ્વીગ્રહ પર એક બીજા પર આધારીત અન્ય જીવસૃષ્ટી ઉત્પન થયાની કથાઓ પ્રચલીત છે.માનવજીવની ઉત્પતીની કથા જોઈએ તો, આજથી ( વિક્રમ સવંત ૨૦૬૮ ,અને ઈ.સ.૨૦૧૨ થી ) ૩૮,૯૩,૧૧૪ વર્ષ પહેલા પૃથ્વીગ્રહ પર પ્રથમ માનવજીવ ઉત્પન થયાની શકયતાઓ છે.સમગ્ર બ્રહમાંડમાં પ્રથમ માનવજીવ ઉત્પન કરનાર 'પરમપિતા બ્રહમાજી' છે,એવુ આધ્યાત્મીક જ્ઞાનનુ વિજ્ઞાન કહે છે.આધ્યાત્મીક વિજ્ઞાનના જ્ઞાન મુજબ પરમપિતા બ્રહમાજીની દરેક પેઢીમાં એક અથવા એકથી વધારે પુત્રો થઈ ગયા.અને તેમનો વંશ પણ ચાલ્યો હતો.પરંતુ દરેક પુત્રો ની વંશાવલી લખવી એ ખુબ જ જટીલ કાર્ય છે.જેથી દરેક પેઢીના પ્રથમ અથવા પ્રતાપી પુત્રને વંશજ ગણી, તેનાથી જ વંશાવલી આગળ વધારવામાં આવે છે.
પરમપિતા બ્રહમાજીએ પૃથ્વીગ્રહ પર સૌ પ્રથમ પાંચ માનસપુત્રો ઉત્પન કર્યા હતા. આ પાંચ માનસપુત્રો માં એક પુત્રનુ નામ 'મરીચી' હતુ.મરીચીના બે પુત્રો હતા.જેમાં એક પુત્રનુ નામ 'અત્રિ' હતુ.અને બીજા પુત્રનુ નામ 'કશ્યપ' હતુ.અત્રિના પુત્રનુ નામ ચંદ્ર હતુ.અને આ ચંદ્ર થકી ' ચંદ્રવંશ ' ચાલ્યો હતો.કશ્યપના પુત્રનુ નામ સુર્ય હતુ.અને આ સુર્ય થકી 'સુર્યવંશ' ચાલ્યો હતો.એટલે કે સમગ્ર પૃથવી પર માત્ર અને માત્ર ચંદ્રવંશ અને સુર્યવંશની પ્રજા જ અસ્તિત્વ ધરાવતી હતી.અન્ય કોઈ પણ પ્રકારની જ્ઞાતી કે પેટા જ્ઞાતીનુ અસ્તિત્વ જ નહોતુ.આ સમયે પૃથ્વી પર 'સતયુગ' ચાલતો હતો.આ સતયુગના માણસોનુ આયુષ્ય હજારો વર્ષોનુ હતુ.જાણે કે 'મૃત્યુ' હતુ જ નહી.આ સમયના બધા જ માણસો 'દેવ' એટલે કે 'ભગવાન' કહેવાતા હતા.આ સમયના જે લોકો દૈવીશકતીનો વિરોધ કરતા હતા, તેમને 'દાનવ' એટલે કે 'રાક્ષશ' કહેવામાં આવતા હતા.

સતયુગના આ સમયે પરમપિતા બ્રહમાજીના મુખમાંથી 'ગીતા' નામના મહાન 'ગ્રંથ' નો ઉદભવ થયો હતો.

હવે આપણે મુળ ગાથા,એટલે કે 'સુર્યવંશી'ની પૌરાણી કથા(પેઢી) આગળ વધારીએ તો, પરમપિતા બ્રહમાજીના પુત્ર મરીચી હતા.મરીચીના પુત્ર કશ્યપ હતા.કશ્યપના પુત્ર વિવસ્વાન હતા.આ વિવસ્વાનને ' સુર્ય ' કહેવામાં આવે છે.અને આ સુર્ય થકી 'સુર્યવંશ' ચાલ્યો હતો.આ સુર્યના પુત્ર 'મનુ' હતા.મનુને તેની પત્ની શતરુપા દ્રારા દશ પુત્રો થયા હતા.આ દશ પુત્રોમાં 'ઈક્ષ્વાકુ' વધુ પ્રસિધ્ધ થયા હતા.

મહારાજા ઈક્ષ્વાકુ સમગ્ર પુથ્વીના અધીપતી હતા.આ સમયે પુથ્વી પર સતયુગના સત્તર લાખ અને અઠયાવીસ હજાર વર્ષો પુરા થયા હતા.અને 'ત્રેતાયુગ' શરુ થયો હતો.ત્રેતાયુગની શરુઆતમાં એટલે કે મહારાજા ઈક્ષ્વાકુના સમયમાં કોઈ પણ પ્રકારની જ્ઞાતી કે પેટા જ્ઞાતીનુ અસ્તિત્વ નહોતુ.પરંતુ પુથ્વી પર માનવ વસવાટમાં વધારો તથા વહીવટી સરળતા ખાતર મહારાજા ઈક્ષ્વાકુએ સમગ્ર પૃથ્વીને નવ ભાગમાં વિભાજીત કરી હતી. વેદો અને પુરાણોની રચના થયા બાદ મહારાજા ઈક્ષ્વાકુ દ્રારા નવ ભાગમાં વિભાજીત થયેલ પૃથ્વીનો 'નવખંડ ધરતી' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.આ નવખંડ ધરતી પરના દરેક ખંડના વહીવટ માટે મહારાજા ઈક્ષ્વાકુએ તેમના વારસદારોની નિમણુક કરી હતી.અને આ વારસદારોને 'રાજા' ની



ઉપાધી આપી હતી.એટલે કે 'દેવ યુગ' એવો 'સતયુગ' પુરો થયો હતો.અને 'રાજા યુગ' એવો 'ત્રેતાયુગ' ચાલી રહયો હતો.નવખંડ ધરતી પર 'રાજા' તરીકે મલ્લ, જનક, વિદેહ, કોલીય, મૌર્ય, લિચ્છવી, જ્ઞાત્રિ, વજજી અને શાકય, એમ નવ ઈક્ષ્વાકુ 'સુર્યવંશી ક્ષત્રિય' વંશજોનુ વિવિધ ખંડમાં શાસન(રાજય) ચાલતુ હતુ.હિમાલયની આજુ બાજુના ખંડ હિન્દુસ્તાન ખંડમાં અન્ય રાજાઓની સાથે સાથે ઈક્ષ્વાકુના 'કોલીય' વંશના રાજાઓ પણ



રાજ કરતા હતા.કોળી સમાજની પૌરાણી કથા મુજબ 'સુર્યવંશી ક્ષત્રિય કોળી સમાજ' ના વંશજોની વંશાવલી(પેઢીનામા)માં મહારાજા ઈક્ષ્વાકુને પ્રથમ વંશજ (પ્રથમ પેઢી ) માનવામાં આવે છે.એટલે કે આજનો સમસ્ત કોળી સમાજ,મહારાજા ઈક્ષ્વાકુના 'કોલીય વંશ' ના 'સુર્યવંશી ક્ષત્રિયો' છે.

મહારાજા ઈક્ષ્વાકુથી શરુ થયેલ 'કોલીય વંશ' ની ગાથા આગળ જોઈએ.....

સુર્યવંશી ક્ષત્રિય કોળી સમાજના પ્રથમ વંશજ મહારાજા ઈક્ષ્વાકુને પરમપિતા બ્રહમાજીએ 'ગીતા'નુ જ્ઞાન આપ્યુ હતુ.જ્ઞાની, દાની અને પરાક્રમી એવા, સમસ્ત કોળી સમાજના 'વડવા' મહારાજા ઈક્ષ્વાકુના સુર્યવંશી ક્ષત્રિય કોલીય વંશની સત્તરમી પેઢીમાં 'યુવનાશ્વ' નામના પ્રતાપી રાજાનો જન્મ થયો હતો.જેમને સમગ્ર હિન્દુસ્તાન ખંડમાં સુવ્યવસ્થિત શાસન કર્યુ હતુ.યુવનાશ્વ રાજાએ 'મોહેંજો–દડો–સંસ્કૃતિ' ની શરુઆત પણ કરી હતી. આજ સમયે ઈક્ષ્વાકુના અન્ય 'સુર્યવંશી ક્ષત્રિય' વંશના વારસદારો તથા 'ચંદ્રવંશ'ના અન્ય વારસદારો લાલસમુદ્ર, કાળોસમુદ્ર અને કેસ્પિયન મહાસાગર જેવા બીજા ખંડમાં રાજ કરતા હતા.ત્યાંની કુદરતી આફતોથી પરેશાન થઈને,આ લોકો 'આર્ય પ્રજા'ના નામે હિન્દુસ્તાનખંડમાં સ્થળાંતર કરવા લાગ્યા હતા.

ઈક્ષ્વાકુ વંશના અન્ય 'સુર્યવંશી ક્ષત્રિય આર્યો' પોતાના કુંટુંબ કબીલા સાથે હિન્દુસ્તાન ખંડમાં રહેવા આવ્યા હતા.હિન્દુસ્તાનખંડના જે રાજાઓએ આર્યોનો વિરોધ કર્યો તેઓને આર્યોએ હરાવીને દક્ષિણ ભાગમાં ધકેલી દિધા હતા.હિન્દુસ્તાનખંડના મુળ રહેવાશી

એવા કોલિય વંશના રાજા 'યુવનાશ્વ' આર્યો સાથે મિત્રતા કરી રાજ કરતા હતા.
કોલિય વંશના ' યુવનાશ્વ રાજા 'ની સંક્ષિપ્ત પૌરાણીક કથા જોઈએ તો, યુવનાશ્વ રાજાને સો રાણીઓ હોવા છતાં કોઈ સંતાન ન હતુ.વંશજ(સંતાન)પ્રાપ્તિ માટે યુવનાશ્વરાજાએ ભાર્ગવઋષિ દ્વારા યજ્ઞ કરાવ્યો હતો. યજ્ઞની પ્રસાદી રૂપે મંત્રેલા પાણીથી ભરેલો ઘડો રાત્રીના સમયે રાજાના શયનખંડમાં મુકાવ્યો હતો અને આ મંત્રેલપાણી વહેલી સવારના પહોરમાં રાણી રૂપમતીને પીવડાવવા ભાર્ગવઋષિએ જણાવ્યુ હતુ.રાત્રીના સમયે રાજા ને તરસ લાગતા તે પાણી પીવા ઉભા થયા અને ઉંઘમાં મંત્રેલા ઘડાનુ પાણી ગયા.જેનાથી સમયાંતરે રાજાનુ પેટ ચીરીને એક બાળક બહાર આવ્યો.આ દિવસ'મકરસક્રાંતી' એટલે કે 'ઉતરાયણ'નો હતો.દેવરાજ ઈન્દ્રને આ વાતની જાણ થતા તેઓ બાળકને જોવા આવ્યા હતા.અને બાળકની ખાવાપીવાની બાબતે સવાલ કર્યો હતો.જેનુ નિરાકરણ લાવવા



ભાર્ગવઋષિએ બાળકનો અંગુઠો બાળકના મોમાં મુકીને કહયુ 'મા દયા સ્તી'(મા ધવડાવે છે).અંગુઠો ચુસીને અને દેવોની કામધેનુ ગાયનુ દુધ પીને ઉછેર કરાયેલા આ બાળકનુ નામ 'માન્ધતા' રાખવામાં આવ્યુ હતુ.ઈન્દ્રએ માન્ધતાને દ્રંદ્રયુદ્ધ કલાનુ શિક્ષણ અને તુટે નહી તેવુ ધનુષ્ય આપ્યુ હતુ.દેવરાજ ઈન્દ્ર દ્વારા મળેલ ઉચ્ચશિક્ષણના માધ્યમથી તથા પોતાની તાકાત અને પરાક્રમથી કોલીય રાજા માન્ધતાએ સમગ્ર પૃથ્વી પરના બધા રાજાઓને પરાજીત કર્યા હતા. જેથી તેમને 'મહાન કોલીય રાજા' નુ બિરુદ મળ્યુ હતુ. રાજા માન્ધતાએ સમગ્ર હિન્દુસ્તાન ખંડમાં પથ્થરયુગની મોહેંજો–દડો–સંસ્કૃતિનો શિસ્તબંધ્ધ વિકાસ અને વિસ્તાર કર્યો હતો.મહાન કોલીય રાજા માન્ધતાના ત્રેતાયુગના આ સમયમાં કોઈ પણ પ્રકારનો સવંત, યુગાબ્દ, તીથી કે



તારીખ અમલમાં નહોતા.માત્ર સુર્યની ગતીને ધ્યાનમાં લઈ સમય અને તહેવારો નકકી

થતા હતા.સુર્યની ગતી પ્રમાણે સુર્યનો મકર રાશીમાં પ્રવેશ થયો દિવસ 'મકરસક્રાંતી', 'ઉતરાયણ' કે 'ખીર' ના નામથી ઉજવવામાં આવે છે.ખરેખર તો આ દિવસ કોળી સમાજ ના મહાન પુર્વજ રાજા માંન્ધતાનો પ્રાગટય દિવસ છે.મકરસક્રાંતીના પવિત્ર દિવસે જન્મે લા દાનવીર, શુરવીર,પરાક્રમી, ચક્રવર્તી, મહાન કોલીય રાજા માન્ધતા સાથે 'પૃથ્વી' એ 'વસુંધરા'ના નામથી સ્ત્રી રુપ ધારણ કરી લગ્ન કર્યા હતા.પૃથ્વી માંન્ધતાને વરી હતી. એટલે કે મહાન કોલીય રાજા માન્ધતા 'પૃથ્વીપતી' હતા.એવુ કહેવાય છે કે દાનવીર રાજા માન્ધતાએ આ પૃથ્વીને 'નવખંડ' ધરતીના રુપમાં દાનમાં આપી દિધી હતી.

આવા મહાન દાનવીર કોલીય રાજા માન્ધતાની કથા આગળ જોઈએ કોલીય રાજા માન્ધતાના સમયે 'ચંદ્રવંશ'ની સત્યાવીસમી પેઢીના રાજા દુષ્યન્તનુ શાસન પણ હિન્દુસ્તાનખંડમાં હતુ.રાજાદુષ્યન્તના ભાઈ સુધુમ્ન પ્રતિષ્ઠાનપુર પર શાસન કરતા હતા.પ્રતિષ્ઠાનપુરને પ્રયાગ, કાશી,બનારસ, વારાણસી જેવા નામથી પણ ઓળખવામાં આવે છે.કોલીય સુર્યવંશીક્ષત્રિય રાજામાન્ધતાએ ચંદ્રવંશના રાજા સુધુમ્નનુ પ્રતિષ્ઠાનપુર જીતી લીધુ હતુ.ઈક્ષ્વાકુના અન્ય 'સુર્યવંશી ક્ષત્રિય' વંશની બારમી પેઢીમાં રાજા પ્રમોદ (પ્રધોત) થઈ ગયા.રાજા પ્રધોતની પાંચમી પેઢીમાં રાજા વર્ધન થઈ ગયા.રાજા વર્ધનના પુત્રનુ નામ'શિશુનાગ' હતુ.આ શિશુનાગે 'નાગવંશ' ની સ્થાપના કરી હતી.

રાઘુનંદન – ૪

કેસ્પિયન મહાસાગર કે જેને પુરાણમાં 'ક્ષીરસાગર' કહેવામાં આવ્યો છે,ત્યાં શિશુનાગનુ રાજય હતુ.આ શિશુનાગને પુરાણમાં 'તક્ષકનાગ' થી ઓળખવા માં આવે છે.નાગવંશની ઉત્પત્તિ વિષે બીજી પણ અનેક પૌરાણીક કથાઓ પ્રચલિત છે.એક કથા મુજબ દક્ષ રાજા ની 'કદ્રુ' નામની એક કન્યાના વિવાહ 'કશ્યપ ઋષી' સાથે થયા હતા.કશ્યપ અને કદ્રુ થકી એક હજાર 'સર્પ' ઉત્પન્ન

થયા હતા.આ પુત્રો થકી ઘણા 'નાગ વંશો' અસ્તિત્વમાં આવ્યા હતા.કશ્યપ ઋષીના આ નાગવંશોમાં અનંત,વાસુકી,તક્ષક,કર્કોટક, પદ્મ, મહાપદ્મ, શંખ અને કલિક જેવા નાગ વંશીઓ ખુબ જાણીતા થયા છે.આર્યો સાથે 'નાગ વંશો'ના રાજાઓ પણ હિન્દુસ્તાનખંડ માં આવ્યા હતા. જેઓ મગધ, કૌશલ, ગોરખપુર, કાશી(પ્રતિષ્ઠાનપુર) તથા સમગ્ર હિન્દુસ્તાનખંડના નાના–નાના રાજયોમાં ફેલાઈ ગયા હતા.

રાજા માન્ધતાએ પ્રતિષ્ઠાનપુર જીતી લીધા બાદ ત્યાંના 'તક્ષક નાગવંશ'ના રાજાની નાગકન્યા સાથે લગ્ન કર્યા હતા.કોલીયરાજા માન્ધતા અને નાગ કન્યાથી ઉત્પન્ન થયેલ વંશજ પ્રતિષ્ઠાનપુર(કાશી)માં 'નાગવંશી કોલીય'ના નામે રાજ કરતા હતા.

એક સમયે અજેય યોદ્ધા માન્ધતાએ લવણાસુર રાક્ષસના રાજય પર ચડાઈ કરી હતી. માન્ધતાને પરાજય કરી શકાય તેમ નથી, તેવુ જાણનાર લવણાસુર રાક્ષસે ચાલાકી કરી પોતાના જાસુસ માન્ધતાના લશ્કરમાં ગોઠવી દીધા. તક મળતા આ જાસુસોએ છળ–કપટથી રાજા માન્ધતાનો વધ કર્યો હતો.માન્ધતા બાદ કોલીય નાગ વંશમાં માંન્ધતાના મોટા પુત્ર 'અંબરીષ' રાજા થયા હતા.અંબરીષ બાદ 'કોલીય વંશ'માં કોઈ શકતીશાળી વંશજ થયો નહી.આમ કોલીય વંશના નબળા શાસનો લાભ લઈ આર્ય રાજા દુષ્યન્તના પુત્ર 'જડભરત' એ નાગવંશી કોલીય રાજાઓ પર સર્વોપરી સત્તા જમાવી દીધી હતી. આર્ય રાજા 'જડભરત'ના હુમલામાં હારેલ કોલીય રાજા અને પ્રજા ધીરેધીરે ઉતરાંખંડથી દક્ષિણ તરફ સ્થળાંતર કરી ગઈ હતી.અમુક કોલીય રાજા અને પ્રજાએ આર્યોની શરણાગતી સ્વીકારી,સંધી કરી હિન્દુસ્તાનના ઘણા ભાગમાં પોતાની સત્તાનુ સિંહાસન જાળવી રાખ્યુ હતુ.

**રાઘુનંદન – ૫**

From -Koli Book 'SamajDarpan'-By Raghunandan( Karmanbhai Raghubhai Chauhan )

To Be Continous …………….